આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૩૪ | ૨ નવેમ્બર, ૨૦૧૨, શુક્રવાર; આસો વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


જે શ્રમથી આપણને આનંદની પ્રાપ્તિ થતી હોય એ આપણને અમૃત તુલ્ય છે

- શેક્સપિયર

# મનપા બાદ હવે જિલ્લા પંચાયત નિશાન પર

## જિલ્લા પંચાયતના સભ્યો સાથે ખાનગી બેઠકો માટેનો તખ્તો તૈયાર કરી દેવાયાની વેળાએ પકડેલું જોર

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકા પંચાયત બાદ ગાંધીનગર કોર્પોરેશન બાદ હવે જિલ્લા પંચાયત હસ્તગત કરવા માટે ભાજપે તેના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગતો મજુબ તાલુકા પંચાયતમાં સફળતા મેળવ્યા બાદ ગઈ કાલે ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે હવે જિલ્લા પંચાયત પર કબ્જો જમાવવા માટેના ચક્રો ગતિમાન કરી દેવામાં આવ્યા છે. આ ઓપરેશન પણ વિધાનસભાની ચૂંટણીના જાહેરનામા પૂર્વે જ સંપન્ન કરવામાં આવે તે રીતે આગળ વધવામાં આવી રહ્યું છે અને બે થી ત્રણ જેટલા સભ્યો સાથે સંપર્ક સાધવામાં સફળતા પણ મળી ચૂકી હોવાની વાતો ખાનગીમાંથી રહી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત છેલ્લી ત્રણ ટર્મથી કોંગ્રેસ પાસે છે અને તે માટે વારંવાર પ્રયાસો કરાયા પછી પણ નિષ્ફળતા હાથ લાગતાં હવે પ્રદેશના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

પંચાયતના વર્તુળોમાં એવી વાતો સાથે અટકળો થઈ રહી છે કે આ અંગનો સંપૂર્ણ તખ્તો તૈયાર થઈ ચુકયો છે અને ટૂંક જ સમયમાં આખુ ઓપરેશન હાથ ધરવામાં આવનાર છે. આ માટેની રણનીતિ પણ તૈયાર કરી દેવામાં આવી છે. એટલું જ નહિ અટકળોનું બજાર તો ત્યાં સુધી ગરમ બન્યું છે કે જિલ્લાના કેટલાક મોભીઓ પણ આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડી અને ભાજપમાં વિધિવત પ્રવેશની ઘોષણાઓ કરશે.

ભાજપે વિધાનસભાની ચૂંટણી પહેલાં જ ભાજપ તરફી આખું વાતાવરણ પલ્ટાવવાની વ્યુહરચના કરી લીધી છે.

જિલ્લા પંચાયતમાં કબ્જો મેળવવા માટે કોંગ્રેસી સભ્યોના સંપર્કો પણ સાધવાના પ્રયાસો શરુ કરી દેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસની નેતાગીરી એટલી બધી સ્તબ્ધ બની ગઈ છે કે હજુ ગઈકાલની ઘટના અંગે કોઈ જ નિવેદન કે પ્રતિભાવ આપવા માટે પણ તૈયાર નથી. તેમજ કોંગ્રેસના સભ્યો સાથે હજુ સુધી કોઈ સત્તાવાર બેઠકનું આયોજન કરવામાં પણ નથી આવ્યું.

તાલુકા પંચાયતમાં એક સભ્યની બહુમતિ પછી પણ સત્તાના સૂત્રો ભાજપ પાસે છે. તાલુકા પંચાયતની ચૂંટણી પણ વિધાનસભાની ચૂંટણી પછી તુરત જ યોજાવાની છે.

ભાજપે તેની વ્યુહરચના જે તૈયાર કરી છે તેમાં પેથાપુર નગરપાલિકામાં બહુમતિ થઈ ગઈ છે એટલે હવે ત્યાં સત્તા હસ્તગત કરવામાં બહુ વાંધો નહિ આવે તો દહેગામમાં પણ નગરપાલિકા વિધાનસભાની ચૂંટણી બાદ હસ્તગત કરવા માટે આગળ વધવામાં આવશે. હવે વિધાનસભાની ચૂંટણી પહેલાં જિલ્લા પંચાયત પર કબ્જો જમાવવાની કવાયત વેગીલી બનાવવામાં આવી છે.

## મોડલ પાટનગરની કલ્પના સાકાર કરવી છે

### પ્રજામત ભાજપની તરફેણમાં હતો પણ બેઠકો કોંગ્રેસને વધારે મળી હતી : મહેન્દ્રસિંહ રાણા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરને '૦' ફરિયાદ ધરાવતું મોડેલ પાટનગર બનાવવાની કલ્પના આજે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ વ્યકત કરી છે.

ભાજપના પ્રાથમિક સભ્ય તરીકે નોંધણી કરાવ્યા બાદ તેમના નિવાસસ્થાને આજે સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ જ પુનઃ વિજયની હેટ્રીક મુખ્યમંત્રીના નેતૃત્વમાં નોંધાવી સત્તાના સૂત્રો સંભાળશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરનો જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તે જોતાં આગામી દિવસોમાં કોર્પોરેશનનું તંત્ર મોડલ પાટનગર બનાવવાની દિશામાં કાર્યરત કરી દેવાશે.

પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં શ્રી રાણાએ જણાવ્યું હતું કે સ્ટાફ પેટર્ન મંજૂર થઈ ગઈ છે ને તે માટેની ભરતીની પ્રક્રિયા પણ ચુંટણી પ્રક્રિયા પછી સરકાર સાથે પરામર્શમાં રહી હાથ ધરવામાં આવશે. જરૂર પડયે નવી જગ્યાઓ માટે પણ દરખાસ્ત કરવાનું વિચારાશે.

ભાજપમાં જ જોડાવાની પસંદગીને લઈ કરેલા એક પ્રશ્નના ઉત્તરમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષને ૧૮ બેઠકો જરૂર મળી હતી પરંતુ

● અનુસંધાન પાન-૭ પર



વેસ્ટર્ન-સધર્ન ડિસ્ટ્રબન્સને કારણે આજે ગાંધીનગર જ નહિ પણ રાજ્યના વાતાવરણમાં પલ્ટો નોંધાયો છે. જો કે હવામાન ખાતાના સૂત્રો જણાવે છે કે દક્ષિણના દરિયાકાંઠા પર આવેલા નિલમ વાવાઝોડાની અસરને કારણે વાદળછાયુ વાતાવરણ બન્યું છે અને આગામી એકાદ દિવસમાં છુટા છવાયા વિસ્તારોમાં હળવા વરસાદના ઝાપટા થવાની સંભાવનાઓ પણ નકારી શકાય નહિ. જો કે આજે આખો દિવસ વાદળછાયા વાતાવરણ બાદ મોડી સાંજથી ઠંડીની સાથે પવનના સુસવાટા પણ જણાયા હતા. આ માત્ર ને માત્ર વેસ્ટર્ન-સધર્ન ડિસ્ર્ટબન્સને કારણે થયાનું જણાયું છે.

(તસવીર : દિપક જાની)



દિપાવલી નજીક આવી રહી છે ત્યારે કોડિયાંની વધતી માગને જોતાં તેનું મોટા પાયે ઉત્પાદન પણ શરૂ કરવામાં આવ્યું છે. કોડિયાં તૈયાર થઈને બજારમાં આવવા પણ લાગ્યાં છે.

## કોંગ્રેસ સત્તામાં આવશે તો લોકાયુક્તની નિમણૂંક કરશે

### પ્રજા વિકાસ દર્શન અંતર્ગત કોંગ્રેસના ૧૨મા મુદ્દાની જાહેરાત : પોલીસ જવાનોને પૂરતો પગાર અપાશે : પોલીસ જવાનોના કલ્યાણ માટેની ચિંતા કરાશે

અમદાવાદ, તા. ૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસે ગુજરાત પ્રજા વિકાસ દર્શન ૨૦૧૨ અંતર્ગત આજે ૧૨ મા મુદ્દાની જાહેરાત કરી હતી. કોંગ્રેસ જો સત્તામાં આવશે તો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારીને ભ્રષ્ટાચાર નિવારણ માટે કટિબદ્ધ બનશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ સત્તા પર આવશે તો સમગ્ર પ્રજાની સલામતી માટેની સઘન વ્યવસ્થા ગોઠવશે. ભાજપ સરકારે શરૂ કરેલા રાજ્યપ્રેરિત ત્રાસવાદને મૂળમાંથી નાબૂદ કરવામાં આવશે. પ્રામાણિક અને નિષ્ઠાવાન અધિકારીઓને મહત્વની જવાબદારીઓ અપાશે. દલિત - આદિવાસીઓ અને મહિલાઓ પરના અત્યાચાર અટકાવવા માટે કાયદાનો અસરકારક અમલ કરાશે. પોલીસ જવાનોને ફીક્સ પગાર નહીં પરંતુ પુરતો પગાર આપવામાં આવશે.



પોલીસ જવાનોના કલ્યાણ માટેની ચિંતા કરવામાં આવશે. ચાલુ નોકરીએ મૃત્યુ પામનારા કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી અપાશે. છઠ્ઠા પગારપંચના લાભો પોલીસદળના જવાનોને આપવામાં આવશે. પોલીસ તંત્રમાં બદલીઓ અને નિમણુંકો માટે પોલીસ એસ્ટાબ્લીશમેન્ટ એકટનો ચુસ્તપણે અમલ કરાશે. તેમણે જણાવ્યું હતું કે, તમામ પોલીસ સ્ટેશનોને વાહનો અને આધુનિક હથિયારોથી સુસજ્જ રાખવામાં આવશે. પોલીસ જવાનોના રહેઠાણની સુસારૂ વ્યવસ્થા ઉભી કરાશે. હોમગાર્ડસ માટે પોલીસ દળમાં કાયમી ભરતી માટે અનામત બેઠખો રખાશે. ગુજરાતના દરેક ગામમાં સલામતી માટે અને પોલીસ મિત્ર તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## ન્યાયી ચૂંટણી માટે એક લાખ જેટલા માથાભારે તત્વોની અટકાયત કરાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર કેન્દ્રીય ચૂંટણી પંચ બાજ નજર રાખી રહ્યું છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજાય અને મતદાન પ્રક્રિયામાં અસામાજિક તત્વો અવરોધરૂપ ન બને તે માટે જિલ્લા કલેક્ટરો અને પોલીસ દ્વારા બુટલેગરોથી લઈને એક લાખ જેટલા તોફાની તત્વોની યાદી બનાવી છે. આ તમામ વ્યક્તિઓએ મામલતદાર સમક્ષ હાજર થઈને બોન્ડ આપીને જામીન લેવા પડશે તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સૂત્રોના કહેવા મુજબ રાજ્યમાં પોલીસે એક લાખ જેટલા અસામાજિક તત્વોની અટકાયત કરવી પડશે. અને તેમની સામે આઈપીસી ૧૦૭, ૧૧૦, ૧૫૧ જેવી કલમો લગાડાશે. જે વ્યક્તિઓની અટકાયત કરાશે જેમાં બુટલેગરો, રોડ રોમીયો, માફિયા અને તોફાની તત્વોનો સમાવેશ થાય છે. હાલ પોલીસ દ્વારા અટકાયતનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

## ઠંડી હજુ વધવાની સંભાવના

અમદાવાદ, તા.૧

રાજ્યભરમાં રાત્રિના સમયે ફૂલગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે દિવાળી દરિમયાન ઠંડીનો જોર વધવાની વકી છે. બીજી તરફ છેલ્લા બે દિવસમાં રાજ્યનાં વિવિધ શહેરોના લઘુતમ તથા મહતમ તાપમાનમાં એકથી ચાર ડિ.સે. જેટલો ઘટાડો નોંધાયો છે. ઠંડી પડવા સાથે જ વિવિધ વાઈરલ ફિવરમાં વધારો થઈ રહ્યો છે. જેનો સૌથી વધુ ભોગ નાના બાળકો બન્યા છે, બાળકોમાં શરદી અને કફ, ખાંસી જેવા રોગોમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. આજે રાજ્યમાં સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન વલસાડમાં ૧૪.૬ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે નલિયામાં ૧૪.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. અન્યત્ર પણ લઘુત્તમ તાપમાન નોંધપાત્ર ઘટ્યુ હતુ. અમદાવાદમાં ૧૭.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જ્યારે ડિસામાં ૧૬.૪ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૬ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગના જણાવ્યાનુસાર, આ વર્ષે શિયાળામાં કડકડતી ઠંડી પડશે. અમદાવાદ, નલિયા સહિત રાજ્યનાં કેટલાંક શહેરોનું લઘુતમ તાપમાન ૧૦થી ૧૨ ડિ.સે.થી પણ નીચે જવાની શક્યતા છે. હાલ રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોના લઘુતમ તાપમાનનો પારો ધીમે ધીમે નીચે જઈ રહ્યો છે.


અભૂતપૂર્વ, અદ્વિતીય, અવિસ્મરણીય હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

ભારત ઉત્સવ-2012

પ્રદર્શન અને વેચાણ

Opening from 20th October-2012

Time: 11:00 am. To 10:00 pm.

સેક્ટર-૬/ડી, પોલિસ સ્ટેશન સામે, અપના બજાર પાસે, ગાંધીનગર.

પાર્કીંગ મફત

Organized by : Shri Adarsh Mahila Audhyogik Sahakari Mandli Ltd.

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ

Deep Utsav

બાલનગરી

હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન

આવતીકાલથી શુભારંભ

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર

જેસલમેર-જોધપુર

GOA

શિવ ટ્રાવેલ્સ

ગ્હોના રીયલ નંગો

હીમતલાલ ટી.પાટડીયા

નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

'દિવ્ય જીવન જ્ઞાનપર્વ પરિષદ' નિમિત્તે 'દિવ્ય જીવન સંઘ' ગાંધીનગર શાખા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉદારતાથી સૌએ ભાગ લેવા નમ્ર અપીલ છે.

| તારીખ/સમય | સ્થળ |
|---|---|
| ૨ નવેમ્બર, ૨૦૧૨ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ | બલરામ મંદિર પરિસર, સેક્ટર-૧૨, ગાંધીનગર |

નોંધ : દર્દીનું રજીસ્ટ્રેશન સ્થળ પર જ કરવામાં આવશે.